GJSR100000212025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૧ ૦૨ ૦૧ |

**ફોજદારી કેસ નં. :– ૨૦/૨૦૨૫**
**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

| | | |
|---|---|---|
| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | | |
| **:: ગુનાની વિગત ::** | | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ | |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૪૦૩૭૬/૨૦૨૪ | |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત | |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર | |
| રજૂઆત | ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. | |
| આરોપી પક્ષ | ૦૧ | રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા<br>રહે. ઝરપણ ગામ, પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત |
| | ૦૨ | જીગ્નેશભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા<br>રહે. ઝરપણ ગામ, પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત |
| | ૦૩ | વિક્રમભાઈ ગુલાબભાઈ વસાવા<br>રહે. ઝરપણ ગામ, નિશાળ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત |
| રજૂઆત | બચાવપક્ષના વિ.વકીલશ્રી એસ.આર.વસાવા. | |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૯/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૨/૦૯/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**:: આરોપીની વિગત ::**

| અનુ. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા | ૦૭/૧૦/૨૦૨૪ | ૦૯/૧૦/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ | નિર્દોષ | - | - |
| ૦૨ | જીગ્નેશભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા | ૦૭/૧૦/૨૦૨૪ | ૦૯/૧૦/૨૦૨૪ | | | | |
| | વિક્રમભાઈ ગુલાબભાઈ વસાવા | ૦૮/૧૦/૨૦૨૪ | ૦૯/૧૦/૨૦૨૪ | | | | |

**:: જજમેન્ટ ::**

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૯:૦૦ ના સુમારે મોજે ઝરપણ ગામે નિશાળ ફળિયામાં પ્રાથમિક શાળાની સામે ફુલસિંગભાઈ ઝાલાભાઈ વસાવાના ઘરની સામે આ કામના ફરિયાદી પોતાની મોટર સાયકલ ઉભી રાખી ફળિયામાં મજુરોને કામ કરવા માટે કહેવા ગયેલ હતા. તે વખતે આ કામના આરોપી રાહુલભાઈ નાઓએ આવી કહેલા લાગેલ કે તમોએ અગાઉ અમાર વિરુધ્ધમાં તમારી માતાને ફરિયાદ કરાવી મારા પિતાને કેમ પકડાવેલ છે. તેમ કહી ફરિયાદીને તેના હાથમાના સળીયા વડે કપાળ ઉપર તથા ડાબા કાનની બાજુમાં સળીયા

વડે સપાટા મારી તથા આરોપી જીગ્નેશભાઈ નાએ તેના હાથમાના હાથા વડે ડાબા હાથની કોણી ઉપર તથા પીઠના ભાગે સપાટા મારી તેમજ આરોપી વિક્રમભાઈ નાએ તેના હાથમાની વાંસની લાકડીથી ફરિયાદીને ડાબા પડખાના ભાગે સપાટો મારી ગમે તેમ નાલાયક ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરીયાદના આધારે ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરુરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનુ ચાર્જશીટ નામ. કોર્ટ, ઉમરપાડા ખાતે રજુ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, તેઓની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપીઓ અદાલતમાં ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૩૦ અન્વયે આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૧૯૩ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીઓને ગુના અંગેની સમજ આપી આંક-૦૫ થી તહોમતનામુ ફરમાવેલ તથા આંક-૦૬ થી આંક-૦૮ લગત ગુન્હાઓ અંગેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**-:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::-**

**મૌખિક પુરાવો :-**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક-૦૯ થી પંચસાહેદ નટવરભાઇ ખાલપાભાઇ વસાવાની જુબાની |
| ૦૨ | આંક-૧૩ થી પંચસાહેદ રમેશભાઇ ઉકડીયાભાઇ વસાવાની જુબાની |
| ૦૩ | આંક-૧૫ થી ફરિયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવાની જુબાની |

| | |
|---|---|
| ૦૪ | આંક–૧૭ થી સાહેદ અનિતાબેન પ્રતાપભાઇ વસાવાની જુબાની |
| ૦૫ | આંક–૨૪ થી સાહેદ રમેશભાઇ ચંદુભાઇ વસાવાની જુબાની |
| ૦૬ | આંક–૨૫ થી સાહેદ સુમિત્રાબેન કુલસિંગભાઇ વસાવાની જુબાની |
| ૦૭ | આંક–૨૬ થી સાહેદ પ્રવિણભાઇ ચંદુભાઇ વસાવાની જુબાની |
| ૦૮ | આંક–૨૭ થી સાહેદ ડોકટર ખુશ્બુ મહેશભાઇ દવેની જુબાની |
| ૦૯ | આંક–૨૯ થી સાહેદ ડોકટર ઉન્નતી સન્મુખભાઇ ચૌધરીની જુબાની |
| ૧૦ | આંક–૩૧ થી સાહેદ કુલસિંગભાઇ ઝાલાભાઇ વસાવાની જુબાની |
| ૧૧ | આંક–૩૬ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઇ જોખનભાઇ પટેલીયાની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૨ | આંક–૧૧ થી આરોપીની શરીર સ્થિતી / અટક કર્યાનું પંચનામું |
| ૦૩ | આંક–૧૨ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૦૪ | આંક–૧૬ થી ગુનાની ફરિયાદ |
| ૦૫ | આંક–૨૮ તથા આંક–૩૦ થી સારવાર સર્ટીફિકેટ |

**<u>–:: બચાવ પક્ષ તરફે  પુરાવો ::–</u>**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| –– | –– |

**<u>–:: કોર્ટ તરફે પુરાવો ::–</u>**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|

| | |
|---|---|
| -- | -- |

**મુદ્દામાલની વિગત :-**

| અનુ. નં. | વિગત |
|---|---|
| - | -- |

**-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૩૫૧ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન ::-**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા નાઓની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાનાં નિવેદન માટે રાખી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ખોટો છે અને તેઓ કશું જાણતા નથી તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ. ખોટી ફરીયાદ કરેલ છે. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તર્ફે પુરાવાઓ રજૂ કરવાનો હકક પૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૩૫૨ મુજબ દલીલ ::-**

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ, તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય-નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૨૬૩ મુજબનું તહોમતનામું ::-**

**–:: મુદ્દાઓ ::–**

**( આરોપીઓ સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૯:૦૦ ના સુમારે મોજે ઝરપણ ગામે નિશાળ ફળિયામાં પ્રાથમિક શાળાની સામે કુલસિંગભાઈ ઝાલાભાઈ વસાવાના ઘરની સામે આ કામના ફરિયાદી પોતાની મોટર સાયકલ ઉભી રાખી ફળિયામાં મજુરોને કામ કરવા માટે કહેવા ગયેલ હતા. તે વખતે આ કામના આરોપી રાહુલભાઈ નાઓએ આવી કહેલા લાગેલ કે તમોએ અગાઉ અમાર વિરુધ્ધમાં તમારી માતાને ફરિયાદ કરાવી મારા પિતાને કેમ પકડાવેલ છે. તેમ કહી ફરિયાદીને તેના હાથમાના સળીયા વડે કપાળ ઉપર તથા ડાબા કાનની બાજુમાં સળીયા વડે સપાટા મારી તથા આરોપી જીગ્નેશભાઈ નાએ તેના હાથમાના હાથા વડે ડાબા હાથની કોણી ઉપર તથા પીઠના ભાગે સપાટા મારી તેમજ આરોપી વિક્રમભાઈ નાએ તેના હાથમાની વાંસની લાકડીથી ફરિયાદીને ડાબા પડખાના ભાગે સપાટો મારી ગમે તેમ નાલાયક ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણય :–**

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

(૮) કોઈપણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય

છે જેમાં આરોપીઓ ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીઓની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીઓએ સદર ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીઓએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપીઓ વિરુદધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદધ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૨૬૫ મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**-:: ઓકયુલર એવીડન્સ ::-**

---

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રી દવારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્રથી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનું સંપૂર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯/૧) ફરિયાદપક્ષે આંક-૦૯ થી પંચસાહેદ નટવરભાઇ ખાલપાભાઇ વસાવા નાઓને તથા આંક-૧૩ થી પંચસાહેદ રમેશભાઇ ઉકડીયાભાઇ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે પો.સ્ટે. બોલાવી પંચનામામાં સહી કરાવેલ હતી. તેઓ આંક-૧૦ સુધીઆંક-૧૨ સુધી રજૂ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં મેં તૈયાર પંચનામા પર સહીઓ કરેલી. તે સિવાય બીજુ કાંઈ જાણતો નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક-૧૫ થી ફરિયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા.૧/૦૨/૨૦૨૪ ના રોજ આશરે સાંજે ૭.૦૦ વાગ્યે નીશાળ ફળીયું, જરપણ ગામે કુલસીંગભાઈ ઝાલાભાઈના ઘરની આગળ ખુલ્લી જગ્યામા બનેલો. બનાવના દિવસે અમો મજુર લેવા માટે હું એકલો ગયેલો હતો ત્યારે હું કુલસીંગભાઈ ઝાલાભાઈના ઘરની પાસે પહોંચ્યો ત્યારે રાહુલભાઈ હાથમા સળીયો લઈ મુળજીભાઈ ગામીયાભાઈના ઘર પાસેથી દોડી આવેલો અને મને માથાના ભાગે કપાળની થોડી ઉપરના ભાગે વચ્ચે સળીયો મારેલ. તે સમયે તેની સાથે જીજ્ઞેશભાઈ ચંદ્રસિંહભાઈ વસાવાએ પાવડાના હાથા વડે મારા ડાબા હાથના ભાગે એક સપાટો મારેલ તથા બીજો સપાટો મારી પીઠના ભાગે મારેલ. તે સમયે એક બીજો ઈસમ જેનું નામ મને હાલ યાદ

નથી તેણે મને લાકડીથી મારી પીઠના ભાગે બરડામા મારેલ હતું. જે આજરોજ કોર્ટમાં હાજર છે. સાહેદ આરોપી વિક્રમભાઈ તરફ ઈશારો કરી તેણે મારેલ હોવાનું જણાવે છે. બાદ હું ત્યાં નીચે પડી ગયેલ ત્યારબાદ મારો અવાજ સાંભળી પ્રવિણભાઈ ચંદુભાઇ, રમેશભાઈ ચંદુભાઇ, દિલીપભાઈ ગંભીરભાઈ અને અશ્વિનભાઈ મથુરભાઈ બનવ સ્થળ પર દોડી આવેલા અને મને માથાના ભાગેથી લોહી નીકળતુ હોય મે તેઓને જણાવેલ કે મને મારા ઘરે મુકી આવી તેથી દિલીપભાઈ ગંભીરભાઈ તેમની બાઈક ઉપર મને બેસાડી મારા ઘરે મને મુકી આવેલા. મારા ઘરે પહોંચ્યા બાદ મારી દિકરી મીનાબેને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા થોડી વારમાં એમ્બ્યુલન્સ આવી જતા મને ૧૦૮ એમ્બ્યુલન્સમા મને ઝંખવાવ મુકામે સામુહીક આરોગ્ય કેન્દ્રમા સારવાર માટે લઈ ગયેલા. બાદ ત્યાંથી મને વધુ સારવાર માટે બારડોલી સરદાર હોસ્પિટલમાં લઈ ગયેલા. ઝઘડાનું કારણ એ હતું કે ચંદ્રસિંગભાઈનાઓએ તેમના ખેતરના શેઢામાં વાસ રોપેલ હતા અને આ ચંદ્રસિંગભાઈ રૂપસિંગભાઈના ખેતરનો શેઢો અને મારા ખેતરનો શેઢો એક જ છે. જેથી મારી માતાએ ચંદ્રસિંગભાઈના દિકરા રાહુલભાઈને આ વાસ અમારા ઘર પર આવી જતા હોય આ વાસ કાપી નાખવા જણાવેલું. આ બાબતે રાહુલભાઈએ મારી માતાને મારેલ. જે બાબતે મારી માતાએ રાહુલભાઈ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરેલી. બાદ આ બાબતે ચંદ્રસિંહભાઈને પોલીસે અટક કરેલો. જેથી તેનું મનદુખ રાખી રાહુલભાઈએ તથા અન્ય વ્યક્તિઓએ મને માર મારેલ હતો. બનાવની ફરિયાદ મે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં બનાવના બીજે દિવસે આપેલ. અસલ ફરિયાદમા ફરિયાદ આપનાર તરીકે મારી સહી છે. જે આંક–૧૬ થી રજૂ છે. આરોપીઓને ઓળખે છે. મુદ્દામાલ સળીયો, લાકડી તથા પાવડાનો હાથો હું ઓળખી શકું છું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ પૈકી બે મારા કુટુંબના છે. મે મોટર સાયકલનો નંબર મારી ફરિયાદમાં જણાવેલ નથી. મારી ફરિયાદમા સરતપાસમાં જણાવ્યા મુજબ "આરોપી રાહુલભાઈ મુળજીભાઈ ગામીયાભાઈના ઘર પાસેથી દોડી આવેલ" તેવું જણાવેલ નથી. રાહુલભાઈએ "મારી માતાને માર મારેલ હોય" તેવું કારણ મે મારી ફરિયાદમા જણાવેલ નથી. સારવારમા મને તેજ દિવસે રજા આપવામાં આવેલ. આરોપીઓ મારા ગામના હોય તેઓને હું સારી રીતે ઓળખું છું.

(૯/૩) ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ અનિતાબેન પ્રતાપભાઈ વસાવાા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આશરે બે–એક મહિના પહેલા આશરે સાંજે ૭.૦૦ વાગ્યે મોટુ ફળીયું, જરપણ ગામે કુલસીંગભાઈ ઝાલાભાઈના ઘરની આગળ ખુલ્લી જગ્યામા બનેલો. બનાવના દિવસે

મારા પતિ મજુર લેવા માટે ગયેલ હતા. તેઓ કુલસીંગભાઈ ઝાલાભાઈના ઘરની પાસે પહોંચ્યા ત્યારે રાહુલભાઈ ચંદ્રસિંહભાઇ, જિજ્ઞેશભાઈ ચંદ્રસિંહભાઇ, વિક્રમભાઈ ગુલાબભાઈનાઓ આવી અને તેઓએ મારા પતિને મારેલ. બનાવ સમયે રાહુલભાઈ પાસે સળીયો હતો. જિજ્ઞેશભાઈ પાસે દંડો હતો અને વિક્રમભાઈ પાસે લાકડી હતી. જિજ્ઞેશભાઈએ મારા પતિને દંડા વડે માથામા મારેલ. ત્યારબાદ રાહુલભાઈ ચંદ્રસિંહભાઈ સળીયાથી મારા પતિને માથામા મારેલ. વિક્રમભાઈએ મારા પતિને લાકડીથી મારેલ. જેથી મારા પતિ નીચે પડી ગયેલા. બનાવ બનેલો તે સમયે હું ગામની દુધ ડેરી પર હતી. મને લોકો દ્વારા જાણવા મળેલ કે મારા પતિને માર મારેલ છે. જેથી હું બનાવવાળી જગ્યાએ ગયેલી. બાદ મારા પતિને ઘરે લઈ આવેલા હતા. મારા પતિને ઘરે લાવ્યા બાદ મારી દિકરી મીનાએ ૧૦૮ ને ફોન કરતા થોડીવારમા ૧૦૮ આવેલી. જેમા મારા પતિને ઝંખવાવ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. ત્યાંથી મારા પતિને સારવાર માટે અંકલેશ્વર લઈ ગયેલા. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હું દુધ ડેરીમાં દુધ ભરવા માટે ગયેલી હતી. આરોપીઓને મે માર મારતા જોયેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓ માર મારી ભાગતા હતા તે મે જોયેલ છે. બનાવની જાણ મને લોકો દ્વારા થયેલી. પોલીસે બનાવ બાબતે મારૂ કોઈ પુછપરછ કરેલ નથી.

(૯/૪) ફરિયાદપક્ષે આંક-૨૪ થી સાહેદ રમેશભાઈ ચંદુભાઈ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે કેટલા વર્ષ પહેલા બનેલો તે મને ખબર નથી. બનાવ કઇ જગ્યાએ બનેલો એ મને ખબર નથી. શું બનાવ બનેલો એ પણ મને ખબર નથી. હું ફરીયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવાને ઓળખું છું. હું આરોપીઓ અમારા ગામના હોય તેઓને ઓળખું છું. ફરીયાદી અને આરોપીઓ વચ્ચે શું બનાવ બનેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે હું કઇ જાણતો નથી. બનાવ બાબતે પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી.

(૯/૫) ફરિયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ સુમિત્રાબેન કુલસિંગભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઇ

તારીખે કેટલા વર્ષ પહેલા બનેલો તે મને ખબર નથી. બનાવ કઇ જગ્યાએ બનેલો એ મને ખબર નથી. શું બનાવ બનેલો એ પણ મને ખબર નથી. હું ફરીયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવાને ઓળખતી નથી. હું આરોપીઓને ઓળખતી નથી. ફરીયાદી અને આરોપીઓ વચ્ચે શું બનાવ બનેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલ નથી. આ કામના સાહેદ કુલસિંગભાઇ ઝાલાભાઇ વસાવા મારા પતિ થાય છે અને તેઓ કાયમ બીમાર રહેતા હોવાથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં જ રાખવા પડે છે અને બોલી ચાલી શકે તેવી હાલતમાં નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે હું કઇ જાણતો નથી. બનાવ બાબતે પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી.

(૯/૬) ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ પ્રવિણભાઇ ચંદુભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો તારીખ મને ખબર નથી. બનાવ ઝરપણ ગામે નિશાળ ફળિયામાં કુલસિંગભાઇના ઘર પાસે બનેલો. શું બનાવ બનેલો એ પણ મને ખબર નથી. હું ફરીયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવાને ઓળખું છું. હું આરોપીઓ અમારા ગામના હોય તેઓને ઓળખું છું. ફરીયાદી અને આરોપીઓ વચ્ચે શું બનાવ બનેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે હું કઇ જાણતો નથી. બનાવ બાબતે પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી.

(૯/૭) ફરિયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ ડોકટર ખુશ્બુ મહેશભાઇ દવે નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૦૧/૦૯/૨૦૨૪ ના રોજ હું ઝંખવાવ સી.એસ.સી ખાતે મેડિકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતી તે વખતે રાત્રે ૮/૨૫ વાગ્યે ૧૦૮ દ્વારા પ્રતાપભાઇ ભારજીભાઇ ઉ. વ. ૬૫ રહે ઝરપણ, તા. ઉમરપાડા, જિ.સુરત નાઓને લઇને તેમના છોકરા સાથે તેઓને લાવવામાં આવ્યા હતા. જેમા તપાસ અર્થે પુછતા તેઓએ હીસ્ટ્રીમાં જણાવેલ કે "તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ સાંજના સાડા સાત થી આઠ કલાકે તેમના જ ઘરે ત્રણ વ્યકિત નામે રાહુલભાઇ, જિગ્નેશભાઇ અને વિક્રમભાઇનાઓએ લાકડીથી માર મારેલ છે. જે બનાવનું કારણ અંગત છે એવુ જણાવેલ." તેઓને તપાસતા ઇજામાં માથાના

આગળની ભાગે ૪ x 2 સે.મી. નો ઉંડો ઘા તથા બન્ને કાનની પાછળ ઘસારો હતો તથા બરડાના ભાગ મલ્ટીપલ જામાં પડેલા હતા. માથાના ભાગે ટાકા લીધેલ અને અને અન્ય ઈજાઓની પ્રાથિમક સારવાસ આપીને માથાના ભાગના સી.ટી સ્કેન માટે તથા આગળની વધુ તપાસ માટે દર્દીને પુછતા દર્દીએ સરદાર સ્મારક હોસ્પિટલ જાવાનુ જણાવતા તે હોસ્પિટલ રીફર કરેલ. મે દર્દીનું આપેલ સારવારનું સર્ટિમાં માર હસ્તાક્ષર છે તથા તેમા મારી સહી તથા હોદ્ધાનો સિક્કો છે જે ઓળખી બતાવુ છું. અસલ સારવાસ સર્ટિ. આંક-૨૮ થી રજૂ છે. દર્દીને થયેલ ઈજા પ્રાથમિક રીતે જોતા ગંભીર પ્રકારની ગણી શકાય. તેમજ ઈજા સખત બોથડ પ્રદાર્થથી થઇ શકે તેવી હતી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના દર્દીને મે બહારના દર્દી તરીકે સારવાર આપેલી. દર્દી પોલીસ યાદી વગર આવેલા. દર્દી સારવાર માટે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હતા. હીસ્ટ્રી દર્દીએ જાતે જણાવેલ. માથા પરની સખત પદાર્થ પર પડી જવાથી થઇ શકે જ્યારે અન્ય ઈજાઓ ન થઇ શકે. કાન પાછળની ઈજા પડી જવાથી પણ થઈ શકે.

(૯/૮) ફરિયાદપક્ષે આંક-૨૯ થી સાહેદ ડોકટર ઉન્નતી સન્મુખભાઇ ચૌધરીા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તારીખ ૦૧/૦૯/૨૦૨૪ ના રોજ હું બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે મેડિકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતી તે વખતે રાત્રે ૧૦/૫૦ વાગ્યે ૧૦૮ દ્વારા પ્રતાપભાઇ ભારજીભાઈ ઉ. વ. ૬૫ રહે ઝરપણ, તા. ઉમરપાડા, જિ. સુરતનાઓને લઇને તેમનો છોકરા વિન્સેન પ્રતાપભાઇ વસાવા લઇને આવેલા. તેઓએ પ્રાથમિક સારવાસ સી.એસ.સી. ઝંખવાવથી લીધેલ હતી. જેમા તપાસ અર્થે પુછતા તેઓએ હીસ્ટ્રીમાં જણાવેલ કે "તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ સાંજના સાત કલાકે અજાણ્યા વ્યકિત દ્વારા ઝરપણ ગામે મોટા ફળિયામાં માર મારેલ છે. તેમના તપાસતા કપાળના ભાગે ઈજા હતી, જેમાં સી.એસ.સી. ઝંખવાવ દ્વારા અગાઉથી જ ટાકા લીધેલ હતા. સદર દર્દીને સી.ટી. સ્કેન કરાવેલ જે નોર્મલ હતો. તેમજ તેમની ઉલટી ઉબકા તેમજ ચકકર જેવી કોઇ ફરીયાદ ન હતી. તેમને છાતીના ભાગે ડાબી તરફ માર મારેલ હતો જેથી દુખાવાની ફરીયાદ હતી. જેથી મે એ માટે એકસ-રે કરાવ્યો હતો જે નોર્મલ હતો. સદર દર્દીને બીજી કોઇ વધુ ફરીયાદ ન હોવાથી સારવારમાં એક ઈન્જેકશન આપેલ હતુ અને તેઓને રજા આપવામાં આવેલ. ઈજા સામાન્ય પ્રકારની હતી. સદર ઈજા જોતા ઈજા ધારદાર હથિયાર વડે થઇ શકે તેવી હતી. મે દર્દીનું આપેલ સારવારનું સર્ટિમાં મારી સહી તથા હોદ્ધાનો સિક્કો છે જે ઓળખી બતાવુ છું. અસલ સારવાર સર્ટિ. આંક-૩૦ થી

રજૂ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના દર્દીને મે બહારના દર્દી તરીકે સારવાર આપેલી. દર્દી સારવાર માટે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હતા. ઈજાઓ સામાન્ય પ્રકારની હતી આવી ઈજાઓ પડી જવાથી પણ થઇ શકે.

(૯/૯) ફરિયાદપક્ષે આંક-૩૧ થી સાહેદ ફુલસિંગભાઇ ઝાલાભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે, કેટલા વાગે બનેલો તેની મને ખબર નથી. બનાવ કઇ જગ્યાએ કોની વચ્ચે બનેલો તેની મને ખબર નથી. સુમિત્રાબેનનાઓ મારા પત્નિ છે. હું ફરીયાદી પ્રતાપભાઇ ભારજીભાઇનાઓને ઓળખતો નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી .

(૯/૧૦) ફરિયાદપક્ષે આંક-૩૬ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઇ જોખનભાઇ પટેલીયાા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું તા.૦૨/૦૯/૨૦૨૪ ઉમરપાડા પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે ઉમરપાડા પો.સ્ટે. પાર્ટ એ. ગુના. રજી.નં. ૦૩૭૬/૨૦૨૪, બી.એન.એસ. કલમ-૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનાનો પો.સ્ટે. અમલદારનાઓએ દાખલ કરી આગળની તપાસ અમોને સોપતા તે સંભાળી લઇ અમોએ તપાસના કામે મળેલ ફરીયાદ વંચાણે લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરી મા કરેલું. મને આંક-૧૦ વાળુ અસલ પંચનામુ બતવવામા આવે છે તે જોઈને કહુ છુ તેમા પંચોની તથા રુબરુમા મારી સહી છે જે ઓળખી બતાઉં છું. ત્યારબાદ મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ ઈજા પામનાર નું સારવાર સર્ટિ. ઉમરપાડા સી.એચ.સી તથા બારડોલી સરદાર સ્મારક હોસ્પિટ થી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીઓની અટક કરી તેઓનુ શરીર સ્થિતીનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ મને આંક-૧૧ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. જે ઓળખી બતાઉં છું. તેમજ મે આરોપી વિક્રમભાઇ ગુલાબભાઇનાઓએ ગુનામાં વાપરેલ હથિયાર આરોપી પાસેથી કબજે કરી તેનું વિગતવારનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલું. મને આંક-૧૨ વાળું મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇને કહું છુ કે તેમાં

પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. જ ઓળખી બતાવું છું. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા આરોપીઓ સામે ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામના આરોપીઓ અને ફરીયાદી એક જ કુટુંબના સભ્યો છે. બનાવવાળી જગ્યાએ રહેણાકના મકાનો આવેલા છે. બનાવાવાળી જગ્યાએથી લોહીના નમુના કે લોહી વાળા કપડા કબજે કર્યા હોય તેવું બનેલુ નથી.

---

**:: ભારતિય સાક્ષ્ય અધિનિયમ – ૨ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપીઓ સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ– ૨ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીઓના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર

આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીઓને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મુલ્યાંકન :-</u>**

**<u>મુદ્દા નંબર-૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા :-</u>**

**(૧૧)** સદરહુ કામે આરોપીઓની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે આંક-૧૫ થી ફરિયાદી પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવાનાઓને તપાસેલ છે. તેઓ દ્વારા બનાવ ની તારીખ ૦૧/૦૨/૨૦૨૪ જણાવેલ છે, જયારે આંક-૧૬ થી રજૂ ફરિયાદમાં બનાવની તારીખ ૦૧/૦૯/૨૦૨૪ જણાવેલ છે. આમ, બનાવની તારીખ અંગે વિરોધાભાષ રેકર્ડ પર આવેલ છે. વધુમાં ફરિયાદી દ્વારા આ કામના આરોપી નં.(૧) રાહુલભાઇએ તેમને માથાના ભાગે કપાળની થોડી ઉપરના ભાગે વચ્ચે સળીયો મારેલ. જયારે આંક-૧૬ ની ફરિયાદમાં આરોપીએ સળીયા વડે માથામાં કપાળના ભાગે ડાબા કાનની બાજુમાં સપાટો મારેલ. આમ, આરોપીએ તેઓને માથાના કપાળના ભાગે વચ્ચે મારેલ કે કપાળમાં ડાબા કાનની બાજુમાં મારેલ તે અંગે વિરોધાભાષી હકીકત જણાવેલ છે. વધુમાં આરોપી નં.(૨) તથા (૩) નાએ તેઓને જે ઈજા કરેલ છે તેની હકીકત સરતપાસમાં વિગતે જણાવેલ છે. વધુમાં તપાસેલ ફરિયાદી દ્વારા આ કામના આરોપી નં.(૧) નાએ હાથમાં સળીયો લઈ મુળજીભાઈ ગામીયાભાઈના ઘર પાસેથી દોડી આવેલ અને તેઓને મારેલ હોવાનું જણાવેલ છે. જયારે આંક-૧૬ ની ફરિયાદમાં આરોપી નં.(૧) તથા ફરિયાદી વચ્ચે બનાવ બનતા પહેલા અગાઉની બાબતે ઝઘડો કરેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર હકીકત સંદર્ભે પણ ફરિયાદી દ્વારા કોઈ હકીકત જણાવેલ નથી.

વધુમાં સદર ફરિયાદી બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, 'રાહુલભાઈએ મારી માતાને માર મારેલ હોય' તેવુ કારણ મેં મારી ફરિયાદમાં જણાવેલ નથી. આમ, ફરિયાદી ધ્વારા બનાવનું કારણ જે સરતપાસમાં જણાવેલ છે તેવી હકીકત તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. સદર ફરિયાદીના પુરાવામાં ફરિયાદી હકીકતથી વધારાની, વિરોધાભાષી તથા અશંત: સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ છે. સદર ફરિયાદી ધ્વારા તેઓની ફરિયાદ તથા કોર્ટ રૂબરૂની સરતપાસમાં બનાવ સમયે અન્ય ઈસમો તેઓને આરોપીના વધુ માર મારમાંથી છોડાવવા આવેલ હોવાનું જણાવેલ છે, જેથી ફરિયાદીના પુરાવાની સાથે સાથે અન્ય સાહેદોના પુરાવામાં પણ બનાવ અંગેની હકીકત રેકર્ડ પર આવવી એટલી જ આવશ્યક છે. જેથી બનાવ બનતા તેમજ તેની તુરંત બાદ જે સાહેદો બનાવ સ્થળે હાજર હતા તેમનો પુરાવો અતિ મહત્વનો બની રહે છે.

**(૧૨)** ફરિયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ રમેશભાઇ ચંદુભાઇ વસાવા, આંક–૨૬ થી સાહેદ પ્રવિણભાઇ ચંદુભાઇ વસાવા નાઓને તપાસેલ છે. સદર સાહેદો ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ અને ફરિયાદ વચ્ચે બનાવ બનેલ ત્યારબાદ પહોંચેલ છે. સદર સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેઓ ધ્વારા બનાવ અંગેની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેથી જ વિ.એપીપીશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં લીડીંગ પ્રશ્નો પુછવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી. ત્યારબાદ સદર સાહેદો બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી તથા બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ નથી. આમ, સદર સાહેદોના પુરાવામાં આરોપીઓએ ફરિયાદી ને સળીયા, ત્રિકમના હાથા તથા વાંસની લાકડી વડે ઈજા કરેલ હોય અને તેઓએ વચ્ચે પડી છુટા પાડેલ હોય તે હકીકત રેકર્ડ પર આવતી ન હોય, સદર સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૩)** ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ અનિતાબેન પ્રતાપભાઈ વસાવા નાઓને તપાસેલ છે. સદર સાહેદ ફરિયાદી / ઈજાપામનારના પત્ની છે. તેઓના

પુરાવાનુ મૂલ્યાંકન કરતાં આરોપીઓએ ફરિયાદીને માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર સાહેદ ધ્વારા બનાવ નજરે જોયેલ નથી અને બનાવની જાણ અન્ય લોકો ધ્વારા જાણવા મળેલ હોવાનું જણાવેલ છે. જેથી સદર સાહેદનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. વધુમાં સદર સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે બનાવ બાબતે મારી કોઈ પુછપરછ કરેલ નથી. આમ, જો સદર સાહેદની પુછપરછ કરેલ ન હોય તો પ્રથમ વખત સદર હકીકત કોર્ટ સમક્ષ જણાવેલ છે તેમ કહી શકાય. જેથી સદર સાહેદનો પુરાવો વિશ્વનીય જણાઈ આવતો નથી.

**(૧૩)** વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૦ થી આંક-૧૨ સુધીના પંચનામા અનુસંધાને પંચોને તપાસેલા છે, પરંતુ પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, સદર પંચસાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં આંક-૨૫ થી સાહેદ સુમિત્રાબેન કુલસિંગભાઈ વસાવા તથા આંક-૩૧ થી સાહેદ કુલસિંગભાઈ ઝાલાભાઈ વસાવા નાઓને તપાસેલ છે. કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદી ધ્વારા જણાવેલ છે કે, બનાવ કુલસિંગભાઈ વસાવાના ઘરના આગળ બનેલ છે. જેથી સદર બંને સાહેદોનો પુરાવો બનાવ અંગે મહત્વનો થઈ રહે છે, પરંતુ સદર સાહેદો ધ્વારા બનાવ અંગે કોઈ હકીકત જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૪)** વધુમાં ફરિયાદપક્ષે આંક-૨૭ થી સાહેદ ડોકટર ખુશ્બુ મહેશભાઈ દવે તથા આંક-૨૯ થી સાહેદ ડોકટર ઉન્નતી સન્મુખભાઈ ચૌધરી નાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા ફરિયાદીને સારવાર આપેલ છે. સદર બંને ડોકટર સાહેદો ધ્વારા ફરિયાદીને સારવાર આપેલ છે. આંક-૨૭ ના ડોકટર સાહેદ ધ્વારા ફરિયાદીને થયેલ ઈજા ગંભીર પ્રકારની ગણી શકાય તેમ જણાવેલ છે, જયારે આંક-૨૯ ના ડોકટર સાહેદ ધ્વારા ફરિયાદીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હોવાનું જણાવેલ છે. વધુમાં બંને ડોકટર સાહેદો ધ્વારા બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં ઈજાઓ પડી જવાથી પણ થઈ શકે તેમ જણાવેલ છે. ડોકટર સાહેદો ધ્વારા સારવાર સર્ટીફિકેટ રજૂ કરેલ છે, પરંતુ ઉપરોકત રજૂ

પુરાવાઓ મુજબ હાલના કામના ફરિયાદીની જુબાનીમાં અવગણી ન શકાય તેવો વિરોધાભાષ રેકર્ડ પર આવેલ છે, જેથી સારવાર સર્ટીફિકેટ આંકે પડેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૫)** વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તેઓએ કરેલ તપાસ અનુસંધાનેની હકીકત જણાવેલ છે. પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદી / ઈજાપામનાર સાહેદ તથા અન્ય સાહેદો ધ્વારા આંક–૧૬ થી રજૂ ફરિયાદ હકીકતથી વિરોધાભાષી તથા વધારાની હકીકત જણાવેલ છે. જેથી એકમાત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાલના કામે તપાસેલ ફરિયાદી / ઈજાપામનારના પુરાવાને અન્ય બનાવ સમયે હાજર તથા બનાવ બની ગયા બાદના સાહેદો થકી સમર્થન પ્રાપ્ત થતુ નથી, ફરિયાદીની જુબાનીમાં ખૂબ વિશાળ પ્રમાણમાં વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવેલ છે. જેથી આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદીને સળીયા, લાકડાનો હાથો તથા લાકડી વડે માર મારી ઈજા પહોંચાડેલ હોય તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છ. આમ, ફરિયાદપક્ષ આંક–૧૬ થી રજૂ ફરિયાદના કથનો સાહેદના પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે અને તેથી તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાથી આરોપીઓની ગુનાના કામે સંડોવણી રેકર્ડ પર જણાઈ આવેલ નથી. આમ, હાથ પરના કેસમાં આંક–૧૫ થી રજુ ફરીયાદીની અદાલત સમક્ષનો પુરાવો ધ્યાને લ ેવામાં આવે તો તેમાં નજરઅંદાજ ન કરી શકાય તેવો મહત્વનો વિરોધાભાસ ફરીયાદ અને સોગંદ પરના પુરાવામાં આવે છે તેમજ તેમના ધ્વારા જણાવવામાં આવેલ સાહેદો પ્રવિણભાઈ ચંદુભાઈ, રમેશભાઈ ચંદુભાઈ નાઓએ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, જયારે ફરીયાદીનો પુરાવો કોજન્ટ, રીલાયેબલ અને અદાલતને વિશ્વાસપ્રેરક ન હોય ત્યારે માત્ર અને માત્ર ફરીયાદીના પુરાવાના આધારે આરોપીઓને કસુરવાન ઠેરવી શકાય નહી અને બંને પક્ષકારો વચ્ચે અગાઉથી જમીન અંગેના વિવાદો ચાલતા હોઈ માત્ર ફરીયાદીની જુબાની પર આધાર રાખવો યોગ્ય જણાતો નથી. અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની ફરીયાદ હકીકીતને અન્ય કોઈ સાહેદ ધ્વારા સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઈ, ફરીયાદપક્ષ આરોપીઓ પર મુકેલ

તહોમત બી.એન.એસની કલમ-૧૧૮(૧) સાથે કલમ-૫૪ વંચાણે લેતાં પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૧૫) આમ, હાથ ઉપરના કેસમાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબનો આક્ષેપ ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓએ ઈરાદાપુર્વકનુ ફરીયાદીનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનુ કારણ આપેલ હોય જેથી ઉશ્કેરાઈ જઈ તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા ગુનો કરી બેસે તેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબના ગુન્હાના તત્વો મુજબનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબના આક્ષેપિત ગુનામાં દોષિત ઠરાવી શકાય નહી.

(૧૬) વધુમાં, આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૧(૩) મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે, પરંતુ આરોપીઓની ધમકીથી ફરીયાદીને આરોપીઓથી ડર હોય કે ભય હોય અને તેના લીધે તેમનુ જીવવુ દુશ્કર થઇ ગયેલ હોય અને સતત તેમને ભયના આરોપીઓની નીચે જીવવુ પડતું હોય તેવો કોઈ પુરાવો ફરિયાદીએ તેમની આંક-૧૫ ની અદાલત સમક્ષની જુબાનીમાં જણાવેલ નથી. જેથી હાલના તબકકે નામ. સર્વોચ્ચ અદાલતનો મોહમ્મદ વાજીદ અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. 2023 LiveLaw (SC) 624 : 2023 INSC 683 નો ચુકાદામાં પેરા નં.૨૫ થી ૨૭ ધ્યાને લેવા યોગ્ય જણાય છે જે નીચે મુજબ છે:

" 25. Section 504 of the IPC contemplates intentionally insulting a person and thereby provoking such person insulted to breach the peace or intentionally insulting a person knowing it to be likely that the person insulted may be provoked so as to cause a breach of the public peace or to commit any other offence. Mere abuse may not come within the purview of the section. But, the words of abuse in a particular case might amount to an intentional insult provoking the person insulted to commit a breach of the public peace or to commit any other offence. If abusive language is used intentionally and is of such a nature as would in the ordinary course of events lead the person insulted

to break the peace or to commit an offence under the law, the case is not taken away from the purview of the Section merely because the insulted person did not actually break the peace or commit any offence having exercised selfcontrol or having been subjected to abject terror by the offender. In judging whether particular abusive language is attracted by Section 504, IPC, the court has to find out what, in the ordinary circumstances, would be the effect of the abusive language used and not what the complainant actually did as a result of his peculiar idiosyncrasy or cool temperament or sense of discipline. It is the ordinary general nature of the abusive language that is the test for considering whether the abusive language is an intentional insult likely to provoke the person insulted to commit a breach of the peace and not the particular conduct or temperament of the complainant.

26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentionalinsult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of the facts and circumstances of that case and there cannot be a general proposition that no one commits an offence under Section 504, IPC if he merely uses abusive language against the complainant. In King Emperor v. Chunnibhai Dayabhai, (1902) 4 Bom LR 78, a Division Bench of the Bombay High Court pointed out that:-

“To constitute an offence under Section 504, I.P.C. it is sufficient if the insult is of a kind calculated to cause the other party to lose his temper and say or do something violent. Public peace can be broken by angry words as well as deeds.”

(Emphasis supplied)

27. A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must beestablished that the accused had an intention to cause

alarm to the complainant. "

આમ, ઉકત ચુકાદામાં ઠરાવેલ છે કે જે વ્યકિતને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકિત આઘાતમાં આવી ગયેલ હોય અને આવા આઘાતથી ભયભીત થઈ રોજ બરોજનુ કાર્ય કરવા અસક્ષમ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ પર આવવો જોઈએ. જો આવો પુરાવો ફરીયાદપક્ષ અદાલતના રેકર્ડ પર લઈ આવવામાં અસફળ રહેલ હોય તો કલમ-૫૦૬(૨) (ભારતીય ન્યાય સંહિતા કલમ - ૩૫૧(૩)) નો ગુન્હો પુરવાર થયેલો ન ગણાય. હાથ પરના કિસ્સામાં પણ ફરીયાદી તેમજ સાહેદોની સોગંદ પરની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો આવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી કે પુરવાર કરેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહિતા કલમ - ૩૫૧(૩) ના તત્વો પણ પુરવાર થઈ શકતા નથી. જેથી આરોપીઓ સામેના ભારતીય ન્યાય સંહિતા કલમ - ૩૫૧(૩) મુજબના ગુન્હાને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ, આરોપીઓને સદર કલમ હેઠળ દોષિત ઠરાવી શકાય નહી.

**<u>ઉપસંહાર :-</u>**

**(૧૭)** આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઆનું બારીકાઇ થી મૂલ્યાંકન કરવામાં આવે તો ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે. જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૯:૦૦ ના સુમારે મોજે ઝરપણ ગામે નિશાળ ફળિયામાં પ્રાથમિક શાળાની સામે ફુલસિંગભાઈ ઝાલાભાઈ વસાવાના ઘરની સામે આ કામના ફરિયાદી પોતાની મોટર સાયકલ ઉભી રાખી ફળિયામાં મજુરોને કામ કરવા માટે કહેવા ગયેલ હતા. તે વખતે આ કામના આરોપી રાહુલભાઈ નાઓએ આવી કહેલા લાગેલ કે તમોએ અગાઉ અમાર વિરુધ્ધમાં તમારી માતાને ફરિયાદ કરાવી મારા પિતાને કેમ પકડાવેલ છે. તેમ કહી ફરિયાદીને તેના હાથમાના સળીયા વડે કપાળ ઉપર તથા ડાબા કાનની બાજુમાં સળીયા વડે સપાટા મારી તથા આરોપી જીગ્નેશભાઈ નાએ તેના હાથમાના હાથા વડે ડાબા હાથની કોણી ઉપર તથા પીઠના ભાગે સપાટા મારી તેમજ આરોપી વિક્રમભાઈ નાએ તેના હાથમાની વાંસની લાકડીથી ફરિયાદીને ડાબા પડખાના ભાગે સપાટો મારી ગમે તેમ નાલાયક ગાળો

બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોય તેવી ફરીયાદ હકીકતને ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નં.૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – : આ ખ રી હુ ક મ : –

૧. આ કામના **આરોપી નં.(૧) રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા,** રહે. ઝરપણ ગામ,પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત, **આરોપી નં.(૨) જીગ્નેશભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા,** રહે. ઝરપણ ગામ, પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત તથા **આરોપી નં.(૩) વિક્રમભાઈ ગુલાબભાઈ વસાવા,** રહે. ઝરપણ ગામ, નિશાળ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત નાઓને તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ –૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અન્વયે આરોપીઓએ રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા.

૩. મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ હથિયારોનો અપીલ સમય વિત્યે કાયદાનુસાર નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯[મી], માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જયુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )